| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૭ | ૧૨ | ૨૦૨૨ |
| નોંધ્યા તારીખ | ૧૭ | ૧૨ | ૨૦૨૨ |
| ફૈંસલ તારીખ | **૨૨** | **૧૨** | **૨૦૨૨** |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

# ખેડા જીલ્લાના મહે. પ્રિન્સીપાલ સેશન્સ જજ સાહેબ સમક્ષ, મું. નડીઆદ.

ફોજદારી પરચુરણ અરજી નં. ૧૩૧૨/૨૦૨૨
આંક :

**અરજદાર** :- મોહનભાઈ બાપુજીભાઈ સોલંકી ચંદ્રવંશી
રહે. સરકારી કુટી ઈલાકા, મુ. મહુખેડા, તા. હાટપીપલીયા,
જી. દેવાસ ( મધ્યપ્રદેશ)

**વિરૂધ્ધ**

**સામાવાળા** :- સરકારશ્રી

**ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૪૩૯ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી.**

| |
|---|
| અરજદાર તરફે વિ. વ.શ્રી ટી.જી.મલેક |
| સામાવાળા તરફે વિ. પી.પી.શ્રી યુ.એ.ઢગટ |

## **-:: ચુ કા દો ::-**

૧). અરજદાર / આરોપીએ મહેમદાવાદ પો.સ્ટે. ફ. ગુ. રજી. નં. ૨૦૫/૧૯૯૮ થી ઈ.પી.કોડ કલમ-૩૯૫, ૩૯૭, ૧૧૪, ૩૪૧, ૫૦૬ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા અંગે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા હાલની આ અરજી ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૪૩૯ અન્વયે દાખલ કરેલ છે.

૨). સદર અરજી અત્રેની કોર્ટમાં દાખલ થતા રજીસ્ટરે લઈ સામાવાળા શ્રી સરકારને નોટીસ કરવામાં આવેલ. જે અનુસંધાને શ્રી સરકાર તરફે વિ.પી.પી.શ્રી યુ.એ.ઢગટ હાજર થયેલ છે તેમજ પોલીસ પેપર્સ વંચાણ માટે રજુ રાખેલ છે.જયારે અરજદાર તરફે વિ.વ.શ્રી ટી.જી.મલેક ઉપસ્થિત થયેલા છે.

૩). અરજદાર તરફે વિધ્વાન ધારાશાસ્ત્રીશ્રી ટી.જી.મલેકે દલીલ કરી જણાવેલ છે કે, અરજદાર / આરોપી તદ્દન નિર્દોષ માણસ છે, અરજદાર / આરોપીએ ફરીયાદમાં જણાવ્યા મુજબના કોઈ ગુનો કરેલ નથી. . વધુમાં અરજદાર / આરોપીના અંગત કબજામાંથી ફરીયાદમાં દર્શાવ્યા મુજબનો કોઈ પ્રોહી. મુદામાલ મળી આવેલ નથી. લગભગ તપાસ પુર્ણ થઈ ગયેલ

છે. સાક્ષીઓને ફોડવાનો શકયતા નથી. વધુમાં આ કામના સહ આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ રજુ થઈ ગયેલ અને ટ્રાયલ પુર્ણ થઈ ગયેલ છે અને તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલા છે. અરજદાર કયાય નાસી ભાગી જાય તેમ નથી. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતના **નામદાર સુપ્રિમ કોર્ટના સંજય ચંદ્રા વિરુધ્ધ સી.બી.આઈ. ૨૦૧૨(૧) જી.એલ.એચ. પાના નં–૯૩** નો ચુકાદો ધ્યાને લઈ અરજદારને પ્રિ–ટ્રાયલ કન્વીકશનનો ભોગ બનવુ ન પડે તેમજ ટ્રાયલ દરમ્યાન અરજદારની હાજરી આસાનીથી ઉપલબ્ધ થઈ શકે તેમ છે. તે તમામ સંજોગો ધ્યાને લઈ અરજદારને જામીન મુકત કરવા અરજ કરેલ છે.

૪). જયારે સામાવાળા સરકારશ્રી તરફે વિ.પી.પી.શ્રી યુ.એ.ઢગટે જામીન અરજીનો ભારપુર્વક વિરોધ કરતા જણાવેલ છે કે, હાલના અરજદાર / આરોપી સને ૧૯૯૮ થી નાસતા ફરતા હતા અને અરજદાર વિરુધ્ધ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૭૦ મુજબનું વોરંટ હોય તે વોરંટના આધારે અટક કરવામાં આવેલ હોય જો અરજદારને જામીન મુકત કરવામાં આવે તો ટ્રાયલ દરમ્યાન હાજરી મળી શકે તેમ ના હોય જામીન મુકત નહી કરવા અરજ કરેલ છે.

૫). અરજદાર / આરોપીની આ જામીન અરજી ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૪૩૯ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટેની છે.

૬). જામીન અરજીના નિર્ણય સંદર્ભેની મહત્વની બાબતો જોતા

અદાલતને પોતાને પ્રાપ્ત થયેલ વિવેક બુધ્ધિની સતા વાપરવા માટે નામદાર સર્વોચ્ચ અદાલતે તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ઘણા બધા માર્ગદર્શક ચુકાદાથી કેટલાક મહત્વના સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે. જે પૈકી નામદાર સર્વોચ્ચ અદાલતના **સંજય ચંદ્રા વિરુધ્ધ સી.બી.આઈ. ૨૦૧૨(૧) જી.એલ.એચ. પાના નં. ૯૩** ઉપરના ચુકાદાને તથા તેમાં ટાંકેલ અન્ય ચુકાદાઓના હાર્દને અને તેમાના અવલોકનોને ધ્યાને લેતા નીચેની કેટલીક બાબતો સ્પષ્ટ બને છે.

(૧) જામીન પાછળનો મુખ્ય આશય ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરીને સીકયોર કરવાનો છે.

(૨) જામીન એ નિયમ અને જેલ એ અપવાદ છે તે જોતાં જો અપવાદરુપ સંજોગો જણાંતા ન હોય તો સામાન્ય રીતે આરોપીને જામીન મુકત કરવો જોઈએ.

(૩) આરોપીને બંધારણે આપેલ પર્સનલ લિબર્ટીના અધિકારની બાબતને પણ જામીન અરજીના નિર્ણય સમયે ધ્યાને રાખી કાયદાની પ્રક્રિયા સિવાય કે કાયદા મુજબ જેલમાં રાખવો આવશ્યક જણાય તે સિવાય તેમજ આરોપીને જામીન ઉપર મુકત કરવાથી સમાજનુ હિત જોખમાય તેમ છે કે કેમ ? તથા ફરીયાદી, સાહેદો કે તેમના પુરાવાને કોઈ અસર થાય તેમ છે કે કેમ ? તે તમામ બાબતોને ધ્યાને લઈ આરોપીના પર્સનલ લિબર્ટીના અધિકારને અને સોસાયટીના

હિત બંને વચ્ચે બેલેન્સ જળવાઈ રહે તે રીતે જામીન અરજીનો નિર્ણય કરવાનો હોય છે.

(૪) સામાન્ય રીતે જયારે આરોપીને ગુન્હેગાર ઠેરવવામાં ન આવે ત્યાં સુધી તે નિર્દોષ હોવાનુ અનુમાન થતુ હોય તથા આરોપીને ગુન્હેગાર ઠેરવ્યા બાદ જ સજા થાય તે ઈચ્છનીય હોય ગુન્હેગારને ઠરાવ્યા પહેલા જ સજા થઈ જાય તે વ્યાજબી ન હોવાની બાબતને પણ ધ્યાને લઈ જામીન અરજીનો નિર્ણય કરવાનો રહે.

(૫) જામીન અરજીના નિર્ણય સામે આરોપીની ટ્રાયલ સમયે હાજરીની શકયતા, સાક્ષીઓને તથા તેના પુરાવાને થનાર અસર, તપાસ ઉપર અને સમગ્ર ટ્રાયલ ઉપર થનાર અસર સહિતના વિવિધ પાસા ધ્યાને લઈ જામીન અરજીનો નિર્ણય કરવાનો રહે છે.

૭). ઉપરોકત બન્ને પક્ષકારોની દલીલો, અરજદાર/ આરોપીની જામીન અરજી તથા જામીન અરજી સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો તથા પોલીસ તપાસના કાગળો, તપાસ કરનાર અધિકારીનું સોગંદનામુ તથા મુળ ફરીયાદી તરફે રજુ થયેલ સોગંદનામુ વંચાણે લીધુ. સામાન્ય રીતે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૯ ની જામીન અરજીનો નિર્ણય કરતી વખતે અદાલતે અરજદાર વિરુધ્ધના ગુન્હાનો પ્રકાર, ગુન્હાની ગંભીરતા, અરજદાર / આરોપીની ભુમિકા,અરજદાર / આરોપીનો ભુતકાળ તથા તેના

વિરુધ્ધના કેસની હકીકતો, આરોપીની હાજરી ઉપલબ્ધ બનશે કે કેમ ? વિગેરે હકીકતો ધ્યાને લેવાની હોય છે અને સાથે સાથે જામીન અરજીના તબકકે કેસના ગુણ દોષોમાં ઉતરવાનુ હોતુ નથી.

૮). અરજદાર / આરોપીની અરજી, પોલીસ પેપર્સ તથા તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ વંચાણે લીધુ.

૯). હાલના કામે ફરીયાદપક્ષના કેસની હકીકત જોઈએ આ કામના આરોપીઓએ તા. ૦૧/૦૮/૧૯૯૮ ના રોજ પોતાની ટ્રક નં. સી.આઈ. ૧૬૭૪૨ થી ફરીયાદીની રૂા. ૧,૧૩,૯૯૯/– ની જંતુનાશક દવાઓ ભરેલ ટ્રક નો પીછો કરી વાઠવાળી ગામ નાળા ઉપર ઓવરટેક કરી ફરીયાદીની ટ્રક ઉભી રખાવી ફરીયાદીની ટ્રકમાં ચઢી ડ્રાઈવર અને કલીનર ને માર મારી દોરડાથી બાંધી દઈ ડ્રાઈવર પાસેથી રૂા. ૩૪૦૦/– કાઢી લઈ ટ્રકનો કબજો લઈ મંગળપુરા ગામની સીમમાં જઈ ડ્રાઈવર કલીનરને માર મારી ખેતરમાં ફેકી દઈ કુલ રૂા. ૬૮,૨૩, ૭૪૦/– ની લુટ કરેલ હોવા મતલબની ફરીયાદ આપવામાં આવેલી અને તે અન્વયે તે મહેમદાવાદ પો.સ્ટે.માં ફ. ગુ. રજી. નં. ૨૦૫/૧૯૯૮ થી ઈ.પી.કોડ કલમ–૩૯૫, ૩૯૭, ૩૪૧, ૧૧૪, ૫૦૬ મુજબનો ગુનો નોંધાયેલો. વધુમાં હાલના કામે તપાસના કાગળો ધ્યાને લેતા હાલના કામે કહેવાતો મુદામાલ કબજે થઈ ગયેલ છે. હાલના અરજદાર પુરતી મોટાભાગની તપાસ પુર્ણ થઈ ગયેલ છે. ટ્રાયલ દરમ્યાન હાજરી આસાનીથી મળી શકે તેમ છે. તેમજ આ કામના સહ આરોપીઓ સામે સદર ગુનાની ટ્રાયલ પુર્ણ થઈ ગયેલ છે અને તેઓને નિર્દોષ ઠરાવી છોડી

મુકવામાં આવેલા છે. વધુમાં અરજદાર વિરુઘ્ધ પુરાવાનો પ્રકાર, અરજદારની વર્તણુક, આક્ષેપો, ગુનાની સજાની જોગવાઈ વિગેરે હકીકતો ઘ્યાને લેતા ટ્રાયલ ચાલતા સુધી જયુડીશ્યલ કસ્ટડીમાં નહી રાખતા પ્રિ–ટ્રાયલ કન્વીકશનનો ભોગ બનવુ ન પડે તે ઘ્યાને લેતા તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતના સંજય ચંદ્રા વિરુઘ્ધ સી.બી.આઈ. નો ચુકાદો ઘ્યાને લેતા જામીન એ નિયમ અને જેલ એ અપવાદના સિઘ્ધાંતો ઘ્યાને લેતા અરજદારની જામીન અરજી મંજુર કરવા પાત્ર ઠરતી હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## ***:આખરી હુકમ :***

(૧) આરોપી/અરજદાર મોહનભાઈ બાપુજીભાઈ સોલંકી ચંદ્દવંશી રહે. મઘ્યપ્રદેશવાળાઓને મહેમદાવાદ પો.સ્ટે. ફ. ગુ. રજી. નં. ૨૦૫/૯૮ થી ઈ.પી.કોડ કલમ–૩૯૫, ૩૯૭, ૧૧૪, ૩૪૧, ૫૦૬ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા અન્વયેની ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૪૩૯ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા અંગેની સદર ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૧૩૧૨/૨૦૨૨ આથી મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપીને રુા.૧૫,૦૦૦/– (અંકે રુપીયા પંદર હજાર પુરા) ના સઘ્ધર જામીન તેમજ તેટલી જ રકમના જાત મુચરકા આપ્યેથી મહેમદાવાદ પો.સ્ટે. ફ. ગુ. રજી.નં. ૨૦૫/૧૯૯૮ થી ઈ.પી.કોડ કલમ–૩૯૫, ૩૯૭, ૧૧૪, ૩૪૧, ૫૦૬ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાં નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં

આવે છે.

<u>**શરતો**</u> :-

એ. અરજદાર/આરોપીએ કોર્ટની પરવાનગી વગર ગુજરાત રાજયની હદૃ છોડી બહાર જવુ નહી.

બી. અરજદાર/આરોપીએ કેસની ટ્રાયલ દરમ્યાન નામદાર કોર્ટ સમક્ષ નિયમીતપણે હાજર થવાનુ રહેશે.

સી. અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષના સાક્ષી પુરાવા સાથે કોઈ પણ રીતે ચેડાં કરવા નહી કે સાહેદોને લોભ લાલચ કે ધાક ધમકી આપવી નહી કે સુલેહ શાંતિનો ભંગ થાય તેવુ કોઈ કૃત્ય કરવુ નહી કે કોઈપણ જાતની ગુન્હાહીત પ્રવૃત્તિ કરવી નહી.

ડી. અરજદાર/આરોપીએ જામીન ઉપર મુકત થતી વખતે પોતાના કાયમી રહેણાંકનુ સરનામુ તેમજ પોતાનો મોબાઈલ નંબર સંબંધીત ટ્રાયલ કોર્ટ તેમજ સંબંધિત પોલીસ સ્ટેશનમાં આધાર પુરાવા સાથે રજુ કરવાના રહેશે અને તેમાં આ અદાલતની પુર્વ પરવાનગી વગર ફેરફાર કરવો નહી.

ઈ. અરજદાર / આરોપીએ છ મહીના સુધી દર મહીનાના પહેલા સોમવારે સવારે ૧૦/૦૦ થી ૧૩/૦૦ દરમ્યાન સંબંધકર્તા પો.સ્ટે.માં હાજરી પુરાવવી.

એફ. અરજદાર દ્વારા કોઈપણ શરતનો ભંગ કર્યેથી અરજદારના જામીન આપો આપ રદ્દબાતલ થયેલ ગણાશે.

(૩) અરજદાર/આરોપીએ જામીન સંબંધીત કોર્ટમાં આપવા.

(૪) આ હુકમની જાણ સંબંધીત કોર્ટ તથા પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ આજ તા.૨૨/૧૨/૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૨/૧૨/૨૦૨૨

**(અતુલકુમાર ઈચ્છાશંકર રાવલ)**
પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ
ખેડા એટ નડીઆદ.
**જી જે–૦૦૩૪૨**